ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૩૯/૧૯-૨૦/ ૪૮૦૧ તારીખ : 26 JUN 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૩૯/૧૯-૨૦

પ્રતિ,
**શ્રી ધનજીભાઈ હરજીભાઈ માંડાણી,**
મુ.કોબડી, પો.ઉખરલા,
પટેલ ટ્રેડસ ની પાસે ખાંચામા,
તા. જી.ભાવનગર.
**મો.નં. ૯૭૨૭૨ ૭૩૯૭૭**

**વિષય : મીટર જમ્પ થતા એકી સાથે મોટી રકમનું બિલ મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૫/૩/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૫/૩/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૯/૧૯-૨૦/૧૧૮૧ તા. ૧૨/૩/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૯/૧૯-૨૦/૧૨૪૯ તા.૧૭/૦૩/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૬/૦૬/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી-૨, **ભાવનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મામસા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર -૧૩૯/૧૯-૨૦** ☜

વાદી :- **શ્રી ધનજીભાઈ હરજીભાઈ માંડાણી**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ- તા.૧૬/૦૬/૨૦૨૦** ◈

હાજર રહયા :- **શ્રી ઘેવરીયા નટુભાઈ નાગજીભાઈ અને શ્રી સુરેશભાઈ મોહનભાઈ** - (વાદી ના સંબંધી)

પ્રતિવાદી :- શ્રી પી.જી.પરીખ, કાયપાલક ઈજનેર, વિભાગીય કચેરી-૨, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ધનજીભાઈ હરજીભાઈ માંડાણી, મું.કોબડી, તા.ભાવનગર, જી.ભાવનગર ની મીટર જમ્પ થતા એકી સાથે મોટી રકમનું બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૩૯/૧૯-૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૯/૧૯-૨૦/૧૧૮૧ તા. ૧૨/૩/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૬/૦૬/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી વતી **શ્રી ઘેવરીયા નટુભાઈ નાગજીભાઈ અને શ્રી સુરેશભાઈ મોહનભાઈ** હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી.જી.પરીખ, કાયપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી-૨, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની રજુઆત મુજબ તેઓ પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી મામસા ખાતે ગ્રાહક નંબર-૩૭૮૧૯/૦૦૧૩૨/૧ થી વિજ જોડાણ ધરાવે છે. તેઓ સદર વિજ જોડાણ નું રેગ્યુલર રૂ.૧૫૦૦/- થી રૂ.૨૦૦૦/- નું કાયમી બિલ ભરવા છતાં એકી સાથે રૂ.૨૩૦૩૫/- નુ બિલ આપેલ છે.

૧.૨ જેના લીધે મારી અરજી ના અનુસંધાને મીટર બદલાવેલ, અને જુનું મીટર નો લેબ રીપોર્ટ ઓકે આવેલ છે, તો આ મીટર જમ્પ મારેલ છે, તેવું જણાય છે.

૧.૩ સદર બાબતે આપવામાં આવેલ બિલ માટે યોગ્ય કરવા વિનંતી.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ અરજદારશ્રી ધનજીભાઈ હરજીભાઈ માંડાણી ગ્રાહક નંબર–૩૭૮૧૯/૦૦૧૩૨/૧ થી કોબડી ગામ ખાતે ઘર વપરાશ નું વિજ જોડાણ ધરાવે છે.

૨.૨ તેઓને તા.૨૬/૧૦/૨૦૧૯ ના રોજ ૩૧૬૪ યુનિટ નું રેગ્યુલર બિલ આપવામાં આવેલ.

૨.૩ જેના અનુસંધાને અરજદાર શ્રી દ્વારા તા ૨૯/૧/૨૦૨૦ ના રોજ રસીદ નં– ૮૮૨૬૯૫ થી ૯૭ રૂ.૧૦૯/– (૧૦૦ +જીએસટી) ભરી મીટર ટેસ્ટીગ માટે અરજી કરેલ.

૨.૪ તા.૩૦/૧/૨૦૨૦ ના રોજ પેટા વિભાગીય કચેરી, મામસા દ્વારા સદર ગ્રાહક નું મીટર બદલાવેલ અને જુનું મીટર ગ્રાહકના પ્રતિનિધિ ની હાજરીમાં પેપરપેક કરી મીટર ટેસ્ટીગ લેબ માં ચકાસણી અર્થે મોકલાવેલ.

૨.૫ તા.૧૯/૨/૨૦૨૦ ના રોજ સદર મીટર ને લેબોરેટરી ખાતે અરજદારશ્રી ના પ્રતિનિધિ ની હાજરીમાં કરવામાં આવેલ તેમજ મીટરનો એમ.આર.આઈ. રીપોર્ટ પણ લેવામા આવેલ. જે આ સાથે સામેલ છે.

૨.૬ મીટર ટેસ્ટીગ રીપોર્ટ અને એમ.આર.આઈ ડેટા ચકાસતા મીટર ઓકે આવેલ છે.

૨.૭ વધુમાં સદર ગ્રાહક ના પી.આર.ટી– ૧૪૫ પણ ચકાસવામાં આવેલ છે. જે મુજબ

| MRI | | 145-PRT | |
|---|---|---|---|
| KWH | MD Date | Meter Reading | Bill Date |
| 3240.2 | 02.03.19 | 1764 | 09.03.19 |
| 4225.6 | 25.05.19 | 1974 | 06.05.19 |
| 5119.9 | 21.07.19 | 2284 | 06.07.19 |
| 5647.5 | 13.09.19 | 2694 | 10.09.19 |
| 5946.3 | 30.10.19 | 5858 | 26.10.19 |

૨.૮. આમ ઉપરોકત માહિતી ઉપરથી મીટરમાં જમ્પ હોય એવુ જણાતું નથી.

૨.૯ આથી, ગાહકને તા.૨૬/૧૦/૨૦૧૯ ના રોજ ૩૧૬૪ યુનિટ નું રેગ્યુલર બિલ આપવામાં આવેલ છે. તે બરાબર છે. જે કંપની ના પ્રવર્તમાન નિયમો મુજબ ભરવાપાત્ર છે.

૨.૧૦ ત્યારબાદ અરજદારશ્રી ની એકીસાથે બિલ આપવાની રજૂઆત ના અનુસંધાને સદર બિલ નું સ્લેબ મુજબ વિભાજન કરી બિલ રીવાઈઝડ કરી તા૨૫/૨/૨૦૨૦ ના રોજ પત્ર નં–૧૨૧૦ થી મંજૂરી અર્થે મોકલવામાં આવેલ.

૨.૧૧ તા.૨/૩/૨૦૨૦ ના રોજ પત્ર નં–૧૨૯૯ થી વિભાગીય કચેરીની મંજૂરી મળતા અરજદાર ને તા.૨૬/૧૦/૨૦૧૯ ના રોજ આપવામાં આવેલ બિલ માંથી રૂ.૩૬૧૮/– બાદ કરી, તેઓના વિજ જોડાણ ના ખાતમાં જમા આપવામાં આવેલ છે. Adjustment History આ સાથે સામેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૧૨ આમ, **Adjustment** આપ્યા બાદ બાકી રહેતી રકમ રૂા.૧૧૬૧૭/– પીજીવીસીએલ ના પ્રવર્તમાન નિયમાનુસાર ભરવાપાત્ર છે.

૨.૧૩ વધુમાં, **અરજદારશ્રી** દ્વારા તા ૨૦/૩/૨૦૨૦ ના રોજ રસીદ નં– ૦૦૦૨૭૨૭૮૦ થી ઉપરોક્ત બાકી રકમ રૂા.૧૧૬૧૭/– ભરપાઈ કરી આપેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજૂઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર સુરેશભાઈ મોહનભાઈ ગામ– કોબડી માં ધનજીભાઈ હરજીભાઈ માંડાણી ના નામનું સીગલ ફેઈઝ વિજ જોડાણ ગ્રાહક નં–૩૭૮૧૯/૦૦૧૩૨/૧ નો ઉપયોગ કરે છે.

૩.૨ તા.૫/૩/૨૦૨૦ ના રોજ ફોરમને કરેલ લેખિત રજૂઆત મુજબ તેઓને તા.૨૬/૧૦/૨૦૧૯ ના રોજ ઘર વપરાશ ના વિજ જોડાણ નું ૩૧૬૪ યુનિટ નું વિજ વપરાશ નું રૂા.૨૩૦૩૬/– બિલ આપવામાં આવેલ છે.

૩.૩ આજરોજ સુરેશભાઈ મોહનભાઈ ફોરમ સમક્ષ હાજર છે તથા તેમના વતી નટુભાઈ નાગજીભાઈ ઘેવરીયા ફોરમ સમક્ષ રજૂઆત કરશે તેમ જણાવેલ છે. તેઓના જણાવ્યા મુજબ તેઓએ પાવર ચોરી કરેલ નથી તેમ છતાં, તેઓને મોટુ દંડ નુ બિલ આપવામાં આવેલ છે.

૩.૪ પ્રતિવાદી એ રજૂ કરેલ જવાબ તેમજ અન્ય દસ્તાવેજી પુરાવા અને એમ.આર.આઈ. નો રીપોર્ટ મુજબ પ્રતિવાદી એ વાદી નું મીટર તા.૩૧/૧/૨૦૨૦ ના રોજ બદલાવેલ, જે મીટર નું પરીક્ષણ તા.૧૯/૨/૨૦૨૦ ના રોજ મીટર ટેસ્ટીગ લેબોરેટરી માં કરવામાં આવેલ.

૩.૫ તા.૩૧/૧/૨૦૨૦ ના રોજ મીટર બદલાવતા સમયે વાદી ના વિજ મીટરમા છેલ્લા રીડીગ ૬૩૯૫ છે. જયારે, વાદી ને આપવામા આવેલ તા.૨૬/૧૦/૨૦૧૯ ના વિજ બિલમાં પાછલું રીડીગ ૨૬૯૪ છે. અને હાલનુ રીડીગ ૫૮૫૮ છે તેમજ વિજ વપરાશ ૩૧૬૪ યુનિટ નું બતાવે છે.

૩.૬ પ્રતિવાદીએ મીટરનો એમ.આર.આઈ. ડેટા તા.૧૯/૨/૨૦૨૦ ના રોજ લીધેલ છે. એમ.આર.આઈ. ના રીડીગ ના હિસ્ટ્રી ડેટા મુજબ તેમજ પ્રતિવાદી ના મીટર રીડરે જે તે માસમાં લીધેલ મીટર રીડીગ અને તેની તારીખ નીચે મુજબ છે.

| MRI | | 145-PRT | |
|---|---|---|---|
| KWH | MD Date | Meter Reading | Bill Date |
| 3240.2 | 02.03.19 | 1764 | 09.03.19 |
| 4225.6 | 25.05.19 | 1974 | 06.05.19 |
| 5119.9 | 21.07.19 | 2284 | 06.07.19 |
| 5647.5 | 13.09.19 | 2694 | 10.09.19 |
| 5946.3 | 30.10.19 | 5858 | 26.10.19 |

૩.૭ તારણ નંબર ૩.૬ માં દર્શાવેલ એમ.આર.આઈ ના રીડીગ અને મીટર રીડરે લીધેલ રીડીગને સરખાવતા જોવા મળેલ છે કે , તા.૯/૩/૨૦૧૯ પછી દર ૨ માસે લીધેલ મીટર રીડીગમાં મીટર રીડરે ખરેખર હોય તેના કરતા ઓછા રીડીગ લખેલ છે. જેને કારણે, તા.૨૬/૧૦/૨૦૧૯ ના રોજ વાદીના મીટર ની વિજ વપરાશ ૩૧૬૪ યુનિટ જણાય છે. એટલે કે , તા.૯/૩/૨૦૧૯ થી તા.૨૬/૧૦/૨૦૧૯ દરમ્યાન વાદીના વિજ મીટરમાં પેન્ડીગ યુનિટ તા.૨૬/૧૦/૨૦૧૯ ના રોજ જોવા મળેલ છે. જેને કારણે વાદીને ૩૧૬૪ યુનિટ નું રૂા.૨૩,૦૩૬/– નું બિલ પ્રતિવાદી તરફથી આપવામાં આવેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૮ પ્રતિવાદી ના મીટર રીડરે લીધેલ રીડીંગો સાચા લીધેલ નથી અને જે તે માસના બિલમાં ખરેખર વપરાશ કરતા ઓછા વપરાશના બિલ બનાવેલ છે. વાદી તરફથી આ ફરીયાદ થયેલ છે અને તેને કારણે વાદી ને પેન્ડીગ યુનિટ નું વપરાશ નું બિલ મળેલ છે.

૩.૯ પ્રતિવાદી એ તા.૨૬/૧૦/૨૦૧૯ ના રોજ વાદીના વિજ વપરાશ ના ૩૧૬૪ યુનિટ ને સ્પ્લીટ કરીને ખરેખર પ્રોરેટા મુજબ જે બિલ ની રકમ થવી જોઈએ તે પ્રમાણે રીવાઈઝડ કરી અને રૂા.૩૬૧૮/૦૩ વાદીના ખાતામાં જમા આપેલ છે. તેથી બાકીની રકમ વાદી એ ભરવાપાત્ર છે.

૪.૦ તારણ નં. ૩.૮ મુજબ પ્રતિવાદી ના મીટર રીડરે સાચા રીડીંગ લઈ સાચી વિજ વપરાશ નું બિલ બનાવેલ હોઈ, જે સંભવિત મીટર રીડર ની બેદરકારી માટે અને વાદીને ઉભી થયેલ અગવડતા માટે જે તે મીટર રીડર સામે ખાતાકીય પગલા ભરવા.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૯ અને ૪.૦ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

ગેરહાજર
**સ્વતંત્ર સભ્યશ્રી**

(પી. એન. અજાકીયા)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર.વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૬.૦૬.૨૦૨૦.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar